# Day to Day Current Affairs
## July – 2015

### ❖ ૧૩ જુલાઈ, ૨૦૧૫ (સોમવાર)

### 1) ભારત – કિર્ગિસ્તાન કરાર :–

- વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી પોતાના ૮ દિવસીય વિદેશ પ્રવાસ દરમિયાન કિર્ગિસ્તાન પહોંચ્યા
- ભારત અને કિર્ગિસ્તાન વચ્ચે સરંક્ષણ અને વાર્ષિક સૈન્ય કવાયત સહિતના ચાર કરારો થયા.
- સહકાર વધારવા બંને દેશના ચૂંટણીપંચો વચ્ચે એમઓયુ થયા.
- કિર્ગિસ્તાન પ્રમુખ :– અલમાઝબેક અતમબાયેલ

### 2) વિમ્બલડન ટેનિસ ચેમ્પિયનશીપ :–

- મેન્સ સિંગલ્સ :–
  – વિજેતા :– નોવાક યોકોવીચ (સર્બિયા)
  – હરિફ :– રોજર ફેડરર (સ્વિત્ઝર્લેન્ડ)
- આ સાથે યોકોવિચે ત્રીજું વિમ્બલડન ટાઈટલ પોતાના નામે કર્યું. (પ્રથમ :– ૨૦૧૧, બીજુ :– ૨૦૧૪, ત્રીજું :– ૨૦૧૫)
- યોકોવીચની કારકિર્દીનું આ ૯ મું ગ્રાન્ડસ્લેમ હતું.
- યોકોવીચને ચાલુ વર્ષે બીજું ગ્રાન્ડ સ્લેમ જિતવામાં સફળતા મળી હતી. અગાઉ ઓસ્ટ્રેલિયન ઓપનમાં તે વિજેતા થયો હતો.
- વિમેન્સ ડબલ્સ :–
  – વિજેતા :– સાનિયા મિર્ઝા (ભારત) અને માર્ટિના હિંગીઝ (સ્વિત્ઝર્લેન્ડ)
  – હરિફ :– માકારોવા અને વેસ્નિના (રશિયા)
- આ સાથે સાનિયા વિમ્બલડન ડબલ્સનો ગ્રાન્ડસ્લેમ જિતનારી પ્રથમ ભારતીય ખેલાડી બની ગઈ છે.
- આ જિત સાથે સાનિયાએ ચારેય ગ્રાન્ડસ્લેમમાં પોતાની એક – એક જિત નોંધાવી દીધી છે.
- વર્ષ – ૨૦૦૯માં ભારતના મહેશ ભૂપતિ સાથ ઓસ્ટ્રેલિયન ઓપન મિકસ ડબલ્સમાં વિજેતા.
- વર્ષ – ૨૦૦૯માં ભારતના મહેશ ભૂપતિ સાથે ફ્રેંચ ઓપન મિકસ ડબલ્સમાં વિજેતા.
- વર્ષ – ૨૦૧૪ માં બ્રાઝિલના બ્રુનો સોએરેસ સાથે યુએસ ઓપન મીકસ ડબલ્સ ટાઈટલ જીત્યું
- અને વર્ષ – ૨૦૧૫માં સ્વિત્ઝર્લેન્ડની માર્ટિના હિંગીઝ સાથે વિમ્બલડન વિમેન્સ ડબલ્સ ટાઈટલ જિત્યું.
- વર્ષ – ૨૦૦૩માં સાનિયાએ જૂનિયર વિમ્બલડન ચેમ્પિયનશીપની ગર્લ્સ ડબલ્સમાં પણ જિત મેળવી હતી.
- મિકસ ડબલ્સ :–
  – વિજેતા :– લિએન્ડર પેસ (ભારત) અને માર્ટિના હિંગીઝ (સ્વિત્ઝર્લેન્ડ)
  – હરિફ :– એલેકઝાન્ડર પેયા તથા તિમિયા બાબોસ
- હિંગીસ સાથે બીજુ મિકસ ડબલ્સ ટાઈટલ જિતનાર પેસે આઠ મિકસ ડબલ્સ અને આઠ મેન્સ ડબલ્સના ટાઈટલ જિત્યા છે.
- જૂનિયર વિમ્બલડન ડબલ્સ ચેમ્પિયનશીપ :–
  – વિજેતા :– સુમિત નાંગલ (ભારત) અને હુઆંગ લાઈ (વિતેયનામ)
  – હરિફ :– ઓપેલકા અને અકીરા
- ભારત માટે ૨૦૧૫ નો વિમ્બલડન ગ્રાન્ડસ્લેમ શાદનર રહયો છે. સાનિયાએ વિમેન્સ ડબલ્સ, પેસે મિકસ ડબલ્સ તથા નાગલે જૂનિયર બોયઝ ડબલ્સના ટાઈટલ જિત્યા છે.

### 3) 'શી બસ' :–

- કેરળમાં મહિલાઓ માટે ટૂંક સમયમાંજ 'શી બસ' સેવા શરૂ કરવામાં આવશે.
- આ બસ સંપૂર્ણપણે મહિલાઓ માટે હશે.
- તેમા ડ્રાઈવર પણ મહિલા હશે અને બસનું સંચાલન પણ સંપૂર્ણપણે મહિલાઓ જ કરશે.

Vivekanand Academy, Gandhinagar